# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-07-2025** **Morning : 7.10 to 7.20**

**Day : Friday** **Morning News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1) ગેરકાયદે દબાણો , ગૌચરની જમીન ઉપરના દબાણો દૂર કરવાની કામગીરી કડક હાથે કરવા મુખ્યમંત્રીની તંત્રને તાકિદ
2) મોરબીમાં ગૃહ રાજ્ય મંત્રી ની અરજદારોની સમસ્યાઓનો તાત્કાલિક ઉકેલ લાવવા પોલીસ તંત્રને સૂચના
3) અકસ્માત રોકવા માટે રોલર ક્રેશ બેરીયરનો ગુજરાતનો સૌ પ્રથમ પાઈલોટ પ્રોજેક્ટ ડાંગમાં શરૂ કરાયો.
4) ગત મોડીરાત સુધીમાં રાજ્યના 78 તાલુકાઓમાં વરસાદ. આજે દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી.
5) હર હર મહાદેવના નાદ સાથે શ્રાવણ માસના આરંભે શીવમંદિરોમાં શીવભક્તોની લાંબી કતારો લાગી.

--------------------------------------------------------------------------------

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયાં)

(હવે પછી આપ સાત વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....)

# SAWAGAT ONLINE

અસામાજિક તત્વોને કડક હાથે ડામી દેવા તેમજ ગૌચર જમીનમાં દબાણો દુર કરવા, જાહેર જગ્યા પરના અન અધિકૃત દબાણો હટાવવા , જી.આઈ.ડી.સી.ના કોમર્શીયલ પ્લોટમાં નામની તબદીલી સહિતના પ્રશ્નો અંગે સંબંધિત અધિકારીઓને સકારાત્મક વલણ અપનાવીને ઝડપી નિવારણ માટેની કાર્યવાહીની રાજ્યભરના પોલીસ અધિકારીઓ અને વહિવટી તંત્રને સૂચના આપી છે.

રાજ્ય સ્વાગત ઓનલાઈન જન ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ નાગરિકોની રજૂઆતો સાંભળીને જિલ્લા પોલીસ અને વહીવટી તંત્રને કડક કાર્યવાહી કરવાની સૂચનાઓ આપી હતી..

ખોટી પ્રવૃત્તિઓ કરનારાઓ અને લોકોને હેરાન કરનારા અસામાજિક તત્વોમાં પોલીસનો ડર રહે તેવી કડકાઈથી પોલીસે કામગીરી કરવી પડશે તેમ તેમણે જીલ્લા પોલીસ વડાઓ કહ્યું હતું.

. . . . . . . . . . . . .

# CM PORGRAM

આજે સવારે મુખ્યમંત્રી અમદાવાદના વાડજ ખાતેથી ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા સંચાલિત પાંચ મેડિકલ મોબાઇલ વાનનું લોકાર્પણ કરશે.આદિવાસી જીલ્લા એવા દાહોદ , ડાંગ અરવલ્લી સહિતના પાંચ જીલ્લાઓમાં આ આરોગ્ય મોબાઇલ વાન ફરશે.

જ્યારે અન્ય એક કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આણંદ જિલ્લામાં નાવલી-દહેમી રોડ ઉપર નવનિર્મિત એન.સી.સી લીડરશીપ એકેડમીનું મુખ્યમંત્રી લોકાર્પણ કરશે.

આણંદના નાવલી દહેમી રોડ ઉપર ૧૫ એકર વિસ્તારમાં એન.સી.સી. નગરનું નિર્માણ કાર્ય હાથ ધરાયું છે. જેના પ્રથમ તબક્કામાં નિર્માણ પામેલ એન.સી.સી લીડરશીપ એકેડમીનું લોકાપર્ણ આજે બપોરે કરવામાં આવશે.

. . . . . . . . . . . . .

# HARSH SANGVI

હર્ષ સંઘવીએ ગઇકાલે મોડી રાત્રે મોરબી ખાતે લોક દરબારમાં જિલ્લાના બાવન જેટલા અરજદારોના પ્રશ્નોનું ઝડપી નિરાકરણ માટે અધિકારીઓને સૂચનો કર્યા હતા.

મંત્રીએ જણાવ્યું હતું કે , લોકોએ પોતાના પ્રશ્નો માટે ગાંધીનગર સુધી આવવું ન પડે તે માટે મોરબી જિલ્લામાં લોકદરબાર યોજી લોકોની સમસ્યા ફરિયાદો સંભળાવા આ ખાસ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

શ્રી સંઘવીએ મોરબી પોલીસની કામગીરીને બિરદાવી હતી.

(બાઇટ – હર્ષ સંઘવી)

જ્યારે આજે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી રાજકોટ રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનનું લોકાર્પણ તેમજ ગ્રામ્યના વિવિધ પોલીસ આવાસોનું ઈ-લોકાર્પણ કરશે.

સર્કિટ હાઉસ ખાતે પોલીસ અધિકારીઓ અને એડવોકેટ્સ સાથે બેઠક યોજાશે બાદમાં આત્મીય યુનિવર્સિટી ખાતે CAA અંતર્ગત ૧૮૧ અરજદારોને નાગરીકતા પ્રમાણપત્ર એનાયત ઉપરાંત લોકદરબાર યોજીને લોકોની સમસ્યા અને ફરિયાદોને રૂબરૂ સાંભળશે.

. . . . . .

# DANG - BARIER

ડાંગના ગિરિમથક સાપુતારાને પર્વતિય વિસ્તારમાંથી પસાર થતો વઘઈ-સાપુતારા રોડનીઆસપાસ ઊંડી ખીણો તેમજ ભયજનક વળાંક વાળા વિસ્તારોમાં અકસ્માત રોકવા માટે  રોલર ક્રેશ બેરીયરનો ગુજરાતનો સૌ પ્રથમ પાઈલોટ પ્રોજેક્ટ ડાંગ જિલ્લામા શરૂ કરવામાં આવ્યો છે.

એક હજાર ૧૫ લાખના ખર્ચે     શરૂ કરાયેલા આ પ્રોજેક્ટના કારણે ગંભીર અકસ્માતો અને તેમાં મૃત્યુ પામતા લોકોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છેજયારે  ડાંગ જિલ્લામાં રાષ્ટ્રીય ધોરી માર્ગનાતમામ રોડ રસ્તાઓઅને અનેક બ્રિજની આસપાસથી વનસ્પતિ અને ઝાડ ઝાંખરા દૂર કરવાની કામગીરી હાથ ધરાઈ હતી. અકસ્માતમાટેના બ્લેક સ્પોટ શોધીને માલેગામ રોડ પર એમ-સેન્ડ અને ડામર કોન્ક્રીટનું પેચ વર્ક કરવામાં આવ્યું હતું.

. . . . .

# GANDHINGAR CYVER CRIME ARREST

શેર બજારમાં રોકાણ કરવાની ટીપ આપી ૩૦ થી ૫૦ ટકા નફો કમાવવાની લાલચ આપીને કહીને લોકોને ફસાવી બે કરોડથી વધુ રૂપિયાની છેતરપિંડી કરનાર ગેંગના બે આરોપીઓને ગાંધીનગરના ગુજરાત સ્ટેટ સાયબર સેલે ઝડપી પાડ્યા છે.

વોટસએપ મારફતે બ્રોકર કંપનીના કર્મચારી અધિકારી તરીકે ઓળખ આપીને આરોપીઓ એક એપ્લીકેશન ડાઉનલોડ કરાવીને છેતરપિંડી આચરતા હતા.. આરોપીઓના બેંક ખાતાઓ તથા મોબાઇલ નંબરોના આધારે તેમજ લાઇવ લોકેશન આધારે અમદાવાદથી આરોપીઓને ઝડપી લેવાયા હોવાની માહિતી સ્ટેટ સાયબર ક્રાઇમ સેલ ગુજરાતના અધિકારી ભરતસંગ ટાંકે આપી હતી.

(બાઈટ - ભરતસંગ ટાંક, સ્ટેટ સાયબર ક્રાઇમ સેલ ગુજરાત)

. . . .

# MSDE WORKSHOP

ભારતભરમાં વ્યાવસાયિક તાલીમ માળખાને આધુનિક બનાવવાના સતત પ્રયાસો થઇ રહ્યાં છે. જેના ભાગ રૂપે , ભારત સરકારના કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલયએ ગાંધીનગરમાં એક કાર્યશાળા યોજી હતી..

ગુજરાત સરકારના શ્રમ , કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના સહયોગથી, IIT-ગાંધીનગર કેમ્પસમાં સ્થિત NAMTECH કેમ્પસ ખાતે ITI અપગ્રેડેશન માટેની રાષ્ટ્રીય યોજના પર રાજ્ય-સ્તરીય વર્કશોપ અને પરામર્શમાં વિવિધ મુદ્દાઓની ચર્ચા કરવામા આવી હતી.

ઉદ્યોગ અને તાલીમ ઇકોસિસ્ટમના મુખ્ય ભાગીદારો સાથે માળખાગત પરામર્શ શરૂ કરવાના આશય સાથે યોજાયેલા આ વર્કશોપમાં ભારતના કૌશલ્ય ઇકોસિસ્ટમને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવા માટે ઉદ્યોગની ભાગીદારીના મહત્વ પર ભાર મૂકાયો હતો.

. . . . . . . . . . . . .

# FOOTBALL

વડનગર ખાતે રમાયેલી ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોશિએશન દ્વારા આયોજિત અંડર 14 ગર્લ્સ ફૂટબોલ ટુર્નામેન્ટમાં અમદાવાદની ટીમ ચેમ્પિયન બની છે. અમદાવાદ અને જામનગર વચ્ચે રમાયેલી ફાઇનલ મેચમાં બંને ટીમોનો સ્કોર સરખો થયો હતો. પેનલ્ટી શૂટઆઉટમાં અમદાવાદે 4-3 થી જામનગરની ટીમ પર વિજય મેળવ્યો હતો.

નેશનલ માટેની ગુજરાતની ટીમના કેમ્પ માટે 30 પ્લેયર અને 5 સ્ટેન્ડ બાય પ્લેયરની પસંદગી પણ આ ટૂર્નામેન્ટ દરમિયાન કરવામાં આવી હતી. આ કેમ્પ પહેલીથી 15 ઓગસ્ટ દરમિયાન ભાવનગર ખાતે યોજાશે

. . . .

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.**

ગોન્ગ મ્યુઝિક

..................................

# AMRELI SHOOTING GOLD MEDAL

રાજકોટમાં યોજાયેલી 16મી રાજકોટ ડિસ્ટ્રીક શૂટિંગ ચેમ્પયનશિપ સ્પર્ધામાં અમરેલીના પ્રતિભાશાળી શૂટર્સે ઉત્તમ પ્રદર્શન કરીને કુલ 4 ગોલ્ડ મેડલ જીત્યા હતા..

જેબલીયા દિવ્યરાજ, કાવર ધરમ, ચાવડા હેત્વી અને બાંભણીયા સૃષ્ટિએ ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. તથા શાળા અને અમરેલી જિલ્લાનું નામ રાજ્યકક્ષાએ રોશન કર્યું હતું.

. . . . .

# WEATHER

વરસાદની ત્રણ સિસ્ટમ સક્રિય થવાથી 29 જુલાઈ દરમિયાન ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર , આજે નર્મદા , તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ અને દાદરા નગરહવેલીમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદને લઈને યલો એલર્ટ આપવામાં આવ્યું હોવાનું હવામાન વિભાગના વડા એ કે દાસે જણાવ્યું હતું.

(બાઇટ – એ કે દાસ, વડા હવામાન વિભાગ)

રાજયના 78 તાલુકામાં તાપીના વ્યારા તાલુકામાં એક ઈંચથી વધુ વરસાદ નોધાયો છે. બાકી જીલ્લાઓમાં સામાન્ય થી હળવો વરસાદના અહેવાલ છે.

રાજયમાં અત્યારે વરસાદ નહિવત રહશે. ગરમીમાં આંશિક રાહત રહશે પીએન વરસાદ નહીં પડવાને કારણે વાતાવરણમાં ઉકડાટ જોવા મળશે.

. . . . . .

# SHARVAN MAS SOMNATH

આજથી પવિત્ર શ્રાવણ માસનો આરંભ થયો છે. વહેલી સવારથી જ શીવમંદિરોમાં શીવભક્તો પૂજા અર્ચાના કરી રહ્યાં છે. શીવલિંગ પર જળાભિષેક તેમજ વિશેષ પૂજા કરવા માટે મંદિરોમાં ભક્તજનોલી લાંબી કતારો લાગી રહી છે.

દ્વાદશ જ્યોતિર્લિંગમાના એક એવા સોમનાથ મંદિર ખાતે પણ આજથી એક મહિના માટેનો શ્રાવણ મેળાનો આરંભ થયો છે. મંગળા આરતી માટે મોટી સંખ્યામાં ભક્તજનો ઉમટી પડ્યા હતા. જય સોમનાથના નાદ સાથે મંદિર પરિસર ગુંજી રહ્યું છે.

શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા શ્રાવણ માસને લઈને વિશેષ તૈયારીઓ કરવામાં આવી હોવાનું જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાએ જણાવ્યું હતું.

(બાઈટ – વિજયસિંહ ચાવડા, સોમનાથ ટ્રસ્ટ જનરલ મેનેજર)

. . . . . . . . . . . . .